EDI

Divya Bhaskar

June 7, 2011
Page No. 2
City Bhaskar

# નાની વયમાં નિર્ધારિત થયાં લક્ષ્ય!

બાળકના કેરિયરનું પ્લાનિંગ કરવાનો આગ્રહ ઘણા પેરન્ટ્સ રાખતા હોય છે. વળી, કેટલાક પેરન્ટ્સ બોર્ડની એક્ઝામ બાદ પોતાના સંતાનને પસંદગીનું કેરિયર બનાવવાની છૂટ પણ આપે છે. ઈડીઆઈમાં બાળકો માટે યોજાયેલા કાર્યક્રમમાં દેશભરમાંથી આવેલા ૮૪ જેટલાં બાળકોએ કેરિયર અને રિસ્ક ફેક્ટર અંગે ગાઈડન્સ મેળવ્યું હતું.



આ પ્રોગ્રામમાં બાળકો એકબીજાના કલ્ચર અંગે પણ પરિચિત થયાં હતાં. પાંચ દિવસના આ કેમ્પમાં બાળકોને મોરલ ડ્યૂટીના લેસન પણ શીખવાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઇન્સ્ટિટ્યૂટમાં બાળકોના ફન માટે જ આઇપીએલની જેમ જ ક્રિકેટની એક એન્ટરપ્રિન્યોર પ્રિમિયર લીગ બનાવાઈ હતી. આ સાથે જ વિવિધ ગેમ્સમાં પાર્ટિસિપેટ કરીને તેમણે ઘણા ઇનામ પણ મેળવ્યાં હતાં.

**ઈડીઆઈ- વર્કશોપ**

**સિટી રિપોર્ટર .અમદાવાદ**

સામાન્ય રીતે વેકેશનમાં યોજાતા સમર કેમ્પમાં બાળકો ભણવાથી દૂર પોતાની એક નવી દુનિયામાં એન્જોય કરતાં હોય છે. પાંચ દિવસના આ પ્રોગ્રામમાં બાળકોએ એન્જિનિયર, ડોક્ટર અને સી.એ. સિવાયની પણ અનેક દિશાઓ અને પોતાની એક અલગ ઓળખ ઊભી કરવા અંગે માર્ગદર્શન મેળવ્યું હતું.

## ઘણુ બધું શીખવા મળ્યું

અહીં બાળકો મસ્તી, મજાકની સાથે બિઝનેસના ફંડા પણ શીખ્યા હતા, પરિવારથી દૂર રહીને પરિવારની જવાબદારી તેમજ તેમની ઉંમરમાં ભણતરનાં મહત્ત્વ વિશે પણ જાણ્યું હતું.

સવારે સાડા પાંચ વાગે ઊઠીને યોગા ક્લાસથી લઈને રાત્રે દસ વાગ્યે સૂતા પહેલાં બાળકોને ભણતર ઉપરાંત જીવન ઘડતરના અનેક પાસાંઓ શીખવાડવામાં આવતાં હતાં. નાની ઉંમરમાં સ્વપ્ન કેવી રીતે પૂરાં કરી શકાય તે શીખ્યાં હતાં. આ સાથે જ ૧૨થી ૧૬ વર્ષના બાળકોએ માતા-પિતાના જ બિઝનેસના મહત્ત્વ વિશે જાણ્યું.

## બિઝનેસની ટ્રિક શીખ્યા

આ પ્રોગ્રામમાં સ્ટુડન્ટ આરતી પટેલે એન્ટરપ્રિન્યોરશિપમાં ઈન્ટરેસ્ટ લીધો હતો. આરતીએ જણાવ્યું હતું કે, દરેક બાળકો પાસે ફ્રીડમ તો હોય છે, પરંતુ તેમનું મન અલગ-અલગ ગોલ ઉપર વિચાર કરતું હોય છે. આમ છતાં કયા ગોલ પર ફોક્સ કરવું તે અંગે ચોક્કસ ખ્યાલનો અભાવ હોય છે. આ પ્રકારના પ્રોગ્રામથી કેરિયર અંગેના કન્ફ્યૂઝનને દૂર કરી શકાય છે. આ પ્રકારના પ્રોગ્રામમાં બાળકો ઐશ્વર્યા મજમુદાર જેવી યંગ અચીવરને પણ મળ્યાં, જેણે પાંચ વર્ષની ઉંમરે જ પોતાનો ગોલ સેટ કર્યો હતો. બિઝનેસ કરવાની કેટલીક ઈઝી ટ્રિકની સાથે જ બાળકોએ પહેલીવાર રિસ્ક ફેક્ટરનું પણ જ્ઞાન મેળવ્યું અને નાની ઉંમરથી જો ગોલ નક્કી હોય તો ક્યારે કેટલું રિસ્ક લેવું તે ની સમજણ પ્રાપ્ત કરી હતી.